| Received on : | ૨૪-૦૨-૨૦૨૬ | | |
|---|---|---|---|
| Registered on : | ૨૪-૦૨-૨૦૨૬ | | |
| Decided on : | ૨૪-૦૩-૨૦૨૬ | | |
| Duration : | Year | Month | Days |
| | ૦૦ | ૦૧ | ૦૦ |

# દિયોદર ના મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, દિયોદર, જી. બનાસકાંઠા

આંક.____.

## ક્રિમીનલ પરચુરણ અરજી નંબર. ૫૬/૨૦૨૬

અરજદાર :- નટુભાઇ કાંતીલાલ સથવારા
રહેવાસી. ૩૫, હીલનગર સોસાયટી,
મહાશકિત ગ્રાઉન્ડ પાસે, મહેસાણા,
તા. મહેસાણા, જી. મહેસાણા

વિરૂધ્ધ

સામાવાળા :- શ્રી. સરકાર
(દિયોદર પોલીસ સ્ટેશન)

બાબત : ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ ૪૯૭ મુજબ મુદદામાલ પરત મેળવવા માટેની અરજી

---

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી. બી. કે. પરમાર
સામાવાળા સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાહમણ

---

-: **<u>જજમેન્ટ</u>** :-

૧. આ કામના અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ ૪૯૭ અન્વયે દિયોદર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર. ૧૧૯૯૬૦૦૩૨૬૦૧૧૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(સી), ૬૧(૨) અને ૫૪ મુજબના ગુનાના કામે મુદદામાલ તરીકે કબજે લીધેલ અરજદારની માલીકીનો VIVO કંપનીનો V30 (8+128) ANDAMAN BLUE મોબાઇલ ફોન જેનો IMEI નંબર 863718063732492 વાળો મુદદામાલ મોબાઇલ તેમ જ અરજદારની માલીકી અને કબજા ભોગવટા નું વાહન મારૂતી સુઝુકી ઇન્ડીયા લીમીટેડ કંપનીની ERTIGA SHVS ZDI સફેદ કલરની ગાડી જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર GJ-02-CG-3083 નો છે તથા તેનો ચેસીસ નંબર MA3FLEB1S00421810 તથા તેનો એન્જીન નંબર D13A5333899 છે તે મુદદામાલ અર્ટીગા ગાડી વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

૨. અરજદારની હાલની મુદદામાલ અરજી તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તેમ જ હાલના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ રજુ કરેલ આંક ૫ અને આંક ૭ ના અભિપ્રાય તથા તેની સાથે રજુ કરેલ મુદદામાલ કબજે કરેલ તે બાબતનું પંચનામું તથા મુદદામાલ પાવતી વંચાણે લીધા. અરજદાર તરફે રજુ થયેલ આંક ૪ ની નો કલેઇમ પુરશીશ પણ વંચાણે લીધી. અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી. બી. કે. પરમાર તેમ જ સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાહમણ ની દલીલો સાંભળી.

૩. સૌ પ્રથમ આ કામે અરજદારે મુદદામાલ મોબાઇલની માલીકી બતાવવા માટે જે બીલ રજુ કરેલ તેમાં મોબાઇલના આઇ.એમ.આઇ. નંબર કબજે કરેલ મુદદામાલ મોબાઇલ ફોનના આઇ.એમ.આઇ. નંબર કરતા અલગ હોઇ તે બાબતે અરજદારના વિધ્વાન વકીલશ્રીનું ધ્યાન દોરવામાં આવતા અરજદારે ત્યારબાદ હાલના કામે બીજુ મોબાઇલ ફોનનું બીલ રજુ કરેલ અને તે બીલની અત્રેની અદાલત ધ્વારા ખરાઇ કરાવવામાં આવતા અરજદારે હાલની અરજી દાખલ કરતી

વખતે રજુ કરેલ બીલ અન્ય મોબાઇલ ફોનનું હોવાનું જણાઇ આવતા અરજદાર ના વિધ્વાન વકીલ શ્રીએ આ કામે આંક ૮ થી પુરશીશ રજુ કરી હાલની અરજી મુદદામાલ મોબાઇલ ફોન પુરતી ફરી દાખલ કરવાની શરતે પરત ખેંચતા હોવાનું જાહેર કરી હાલની અરજી માત્ર મુદદામાલ વાહન અર્ટીગા ગાડી પુરતી ગણી યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ હોઇ, આ કામના અરજદારને મુદદામાલ મોબાઇલ ફોન બાબતે ફરીથી નવી અરજી કરવાની પરવાનગી આપી આ કામે મુદદામાલ અર્ટીગા ગાડી પુરતી હાલની અરજીનો ગુણદોષ ઉપર નિકાલ કરવામાં આવેલ છે.

૪. અરજદારના વિધ્વાન વકીલ શ્રી પરમારે હાલની અરજી ની હકીકતો મુજબની દલીલો કરી વધુમાં જણાવેલ છે કે અરજદાર તે હાલના કામે કબજે કરેલ મુદદામાલ અર્ટીગા ગાડીના માલીક અને કબજેદાર છે અને સદર મુદદામાલ અર્ટીગા ગાડી અરજદારની સ્વતંત્ર માલીકીની છે અને સદર મુદદામાલ અર્ટીગા ગાડી આ કામના અરજદારના પુત્ર અજયકુમાર ઉર્ફે લાલજીભાઇ પાસેથી ગુનાના કામે કબજે કરેલ છે અને હાલમાં સદર મુદદામાલ અર્ટીગા ગાડી પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે અને અરજદારની સદર મુદદામાલ અર્ટીગા ગાડીનો ઉપયોગ અરજદાર તેમના ઘરના કામ માટે બહાર આવવા જવા માટે કરતા હોવાનું જણાવી સદર મુદદામાલ અર્ટીગા ગાડી વગર અરજદારને તેમના ઘરપ્રસંગમાં બહાર આવવા જવામાં ખુબ જ ભારે હાલાકી ભોગવવી પડતી હોવાનું અને આ કામે પોલીસે કબજે કરેલ સદર મુદદામાલ અર્ટીગા ગાડી જો લાંબો સમય પોલીસ સ્ટેશનમાં બીનવપરાશી હાલતમાં પડી રહે તો તેની મશીનરી બગડી જવાની તેમ જ તેના ટયુબટાયર, એન્જીન, બેટરી અને સ્પેરપાર્ટ ને પણ નુકસાન થવાની અને સદર મુદદામાલ વાહન ઉપયોગ કરવા લાયક રહે નહી તેનાથી અરજદારને ઘણું મોટું આર્થિક નુકસાન થાય તેમ હોવાનું જણાવી સદર મુદદામાલ અર્ટીગા ગાડી વિના અરજદારને પારાવાર નુકસાની પડતી હોઇ, સદર મુદદામાલ અર્ટીગા ગાડી હાલના અરજદારની માલીકીની હોઇ જો સદર મુદદામાલ અર્ટીગા ગાડી અરજદારને પરત સોંપવામાં આવે તો નામદાર કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરવા તૈયાર હોવાની રજુઆત કરી હાલની, સદર મુદદામાલ અર્ટીગા ગાડી યોગ્ય જામીનગીરીએ અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવા હુકમ કરવા અરજ કરેલ છે.

૫. સદર કામે તપાસ કરનાર અમલદાર શ્રીનો મુદદામાલ અંગેનો આંક ૫ થી રજુ થયેલ અભિપ્રાય વંચાણે લેતાં અરજદારે હાલની અરજીમાં જણાવેલ મારૂતી સુઝુકી ઇન્ડીયા લીમીટેડ કંપનીની **ERTIGA SHVS ZDI** સફેદ કલરની ગાડી જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર **GJ-02-CG-3083** નો છે તથા તેનો ચેસીસ નંબર **MA3FLEB1S00421810** તથા તેનો એન્જીન નંબર **D13A5333899** છે તે મુદદામાલ અર્ટીગા ગાડી દિયોદર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર. ૧૧૯૯૬૦૦૩૨૬૦૧૧૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(સી), ૬૧(૨) અને ૫૪ મુજબના ગુનાના કામના અરજદારના પુત્ર અજયકુમાર ઉર્ફે લાલભાઇ **s/o.** નટુભાઇ કાંતીલાલ સથવારા નાઓએ રજુ કરતા તે અર્ટીગા ગાડી મુદદામાલ તરીકે તપાસ અર્થે કબજે લીધેલ છે અને સદર મુદદામાલ અર્ટીગા ગાડી નો ચોરી જેવા ગંભીર ગુનામાં ઉપયોગ કરેલ હોઇ, જો સદર મુદદામાલ અર્ટીગા ગાડી અરજદારને સોંપવામાં આવે તો તેઓ ફરીવાર બીજા કોઇ ગુનાઓમાં ઉપયોગ કરે કરાવે તેવી શકયતા નકારી શકાય નહી જેથી સદર મુદદામાલ અર્ટીગા ગાડી હાલના અરજદારને પરત નહી સોંપવા બાબતનો અભિપ્રાય આપેલ છે. સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી.એ અરજદારની હાલની અરજી લગત યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

૬. અત્રે એ બાબત નોંધનીય છે કે તપાસ કરનાર અમલદાર શ્રીએ આંક ૫ થી રજુ કરેલ અભિપ્રાયમાં આ કામના અરજદારના પુત્ર અજયકુમાર ઉર્ફે લાલભાઇ **s/o.** નટુભાઇ કાંતીલાલ સથવારા પાસેથી એક વીવો કંપનીનો મોબાઇલ ફોન મળી આવેલ જે મોબાઇલ ફોનમાં બે સીમકાર્ડ લગાવેલ જેમાં ફોનના સ્લોટ નં.(૧) ૬૩૫૬૩૬૪૭૭૭ માં વી.આઇ. કંપનીનું સીમકાર્ડ તથા સ્લોટ નં.(૨) ૮૨૦૦૫૬૭૦૩૦ માં જીઓ કંપનીનું સીમકાર્ડ નાખેલ છે જે મોબાઇલ ફોનના **IMEI** નંબર **(1) 860446077197295** તથા **(2) 860446077197287** ના હોવાનું જણાવી તે મુદદામાલ મોબાઇલ ફોન પણ સદર ગુનાના કામે તપાસ અર્થે કબજે કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ અરજદાર ધ્વારા કરવામાં આવેલ હાલની અરજીમાં વીવો કંપનીના મોબાઇલ ફોનના **IMEI** નંબર **863718063732492** લખેલ હોઇ અને સદર બીલ તે મુદદામાલ કબજે કરેલ મોબાઇલ ફોનનું બીલ રજુ કરેલ ન હોઇ તે મુદદામાલ મોબાઇલ ફોન કોની માલીકીનો છે તે જણાઇ આવેલ ન હોવાનો અભિપ્રાય આપેલ છે. ત્યારબાદ અરજદારના વિધ્વાન વકીલ શ્રીએ આ કામે આંક ૬ થી

પુરશીશ રજુ કરી અરજદાર પાસે વીવો કંપનીના બે મોબાઇલ ફોન હોવાના કારણે શરતચુકથી બીજા મોબાઇલ ફોનનું બીલ રજુ થઇ ગયેલ હોઇ અરજદારે આંક ૬ ની પુરશીશ થી નિશાની ૬/૧ થી મોબાઇલ ફોનનું નવું બીલ રજુ કરેલ હોઇ અત્રેની અદાલત ધ્વારા પોલીસ ઇન્સ્પેકટર શ્રી, દિયોદર પોલીસ સ્ટેશનના ઓને આ કામે અરજદાર ધ્વારા આંક ૬ ની પુરશીશ સાથે નિશાની ૬/૧ થી રજુ કરેલ મોબાઇલ ફોનના બીલની ખરાઇ કરવા આદેશ આપતા આ કામે તપાસ કરનાર અમલદાર શ્રીએ આંક ૭ થી મુદદામાલ મોબાઇલ ફોનના બીલની ખરાઇ કરતા અરજદારે આંક ૬ ની પુરશીશ સાથે નિશાની ૬/૧ થી રજુ કરેલ મોબાઇલ ફોનનું બીલની ખરાઇ કરી તે બીલ સાચું હોવાનો અભિપ્રાય આપેલ. આમ, આ કામે અરજદારે હાલની અરજીમાં કબજે કરેલ મુદદામાલ મોબાઇલ ફોન બાબતની વિગતો શરતચુકથી અન્ય કોઇ મોબાઇલ ફોનની વિગતો લખેલ હોઇ, અરજદારના વિધ્વાન વકીલ શ્રીએ આંક ૮ થી પુરશીશ રજુ કરી હાલ પુરતી મુદદમાલ મોબાઇલ ફોન પરત મેળવવાની હાલની અરજી નવી સુધારા સાથેની અરજી કરવાની શરતે પરત ખેંચતા હોવાનું જાહેર કરેલ છે અને તમામ હકીકતો ધ્યાને લેતાં, ન્યાયના વિશાળ હીતમાં આંક ૮ ની પુરશીશ કામમાં દાખલ કરી આ કામના અરજદારને મુદદામાલ મોબાઇલ ફોન પુરતી નવી અરજી દાખલ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.

૭. ઉભયપક્ષની દલીલો સાંભળી. અરજદારની હાલની અરજી તથા તેની સાથે રજુ કરેલ દસ્તાવેજો તેમજ પોલીસ અભિપ્રાય, પંચનામું અને મુદદામાલ પાવતી તેમ જ આંક ૪ ની નો કલેઇમ પુરશીશ વંચાણે લીધી. હાલના કામે કબજે કરેલ સદર મુદદામાલ વાહન મારૂતી સુઝુકી ઇન્ડીયા લીમીટેડ કંપનીની **ERTIGA SHVS ZDI** સફેદ કલરની ગાડી જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર **GJ-02-CG-3083** નો છે તથા તેનો ચેસીસ નંબર **MA3FLEB1S00421810** તથા તેનો એન્જીન નંબર **D13A5333899** છે તે મુદદામાલ અર્ટીગા ગાડીની અરજદાર ધ્વારા રજુ કરેલ આર.સી. બુકની ઝેરોક્ષ નકલને ધ્યાને લેતાં સદર મુદદામાલ વાહન હાલના અરજદારના નામે આર.ટી.ઓ. કચેરીમાં રજીસ્ટ્રેશન થયેલ હોવાનું જણાય છે અને તે રીતે આ કામના અરજદાર તે સદર મુદદામાલ વાહનના માલીક હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે તેમ જ આ કામે રજુ થયેલ તપાસ કરનાર અમલદાર શ્રીનો મુદદામાલ અંગેના આંક ૫ ના અભિપ્રાય ને પણ ધ્યાને લેવામાં આવે તો સદર

મુદદામાલ મુદદામાલ ગાડી તે ગુનાના કામે આ કામના અરજદારના પુત્ર અજ્યકુમાર ઉર્ફે લાલભાઇ s/o. નટુભાઇ કાંતીલાલ સથવારા નાઓ પાસેથી કબજે કરેલ હોવાની હકીકત તપાસ કરનાર અમલદાર શ્રીએ જણાવેલ છે અને અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી સદર મુદદામાલ અર્ટીગા ગાડી હાલના અરજદારની માલીકીની હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. વધુમાં આ કામે તપાસ કરનાર અમલદાર શ્રી તરફે આ કામે કબજે કરેલ મુદદામાલનો વાસ્તવમાં ગુનાના કામે કોઇ ઉપયોગ થયેલ હોય તેવો પ્રથમ દર્શનીય પુરાવો દર્શાવતો કોઇ પુરાવો પોતાના અભિપ્રાય સાથે રજુ કરેલ નથી અને તે સંજોગોમાં હાલના તબકકે પોલીસ ધ્વારા કબજે કરવામાં આવેલ મુદદામાલ અર્ટીગા ગાડીનો સદર ગુનાના કામે કોઇ ઉપયોગ થયેલ હોવાની હકીકત પુરતા પુરાવાના અભાવે માની શકાય નહી કે અનુમાન કરી શકાય નહી.

૮. વધુમાં સદર મુદદામાલ અર્ટીગા ગાડી નો અરજદાર તેમના ઘરના કામકામ માટે આવવા જવા માટે ઉપયોગ કરતા હોવાનું જણાવી સદર મુદદામાલ અર્ટીગા ગાડી વગર અરજદારને તેમના ઘરપ્રસંગમાં બહાર આવવા જવા માટે ખુબ જ ભારે હાલાકી ભોગવવી પડતી હોવાની હકીકત અરજદારના વિધ્વાન વકીલશ્રીએ જણાવેલ છે. તેમ જ સદર મુદદામાલ વાહન જો લાંબો સમય પોલીસ સ્ટેશનમાં બીનવપરાશી હાલતમાં પડી રહે તો વાહનના સ્પેરપાર્ટસ અને મશીનરી બગડી જવાની તેમ જ તેની બોડી અને ટયુબટાયરને પણ નુકસાન થવાની પુરતી સંભાવના રહેલ છે અને સદર મુદદામાલ વાહન કોઇપણ કારણ વગર પોલીસ સ્ટેશનની બહાર ખુલ્લામાં રાખી મુકવાનો કોઇ અર્થ રહેતો નથી. વધુમાં હાલના કામના અરજદાર સિવાય અન્ય કોઇ વ્યકિત તરફથી સદર મુદદામાલ વાહન પરત મેળવવા માટે કોઇએ અરજી કરેલ નથી કે સદર મુદદામાલ વાહન બાબતે અન્ય કોઇએ કલેઇમ પણ કરેલ નથી. વધુમાં આંક ૫ ના તપાસ કરનાર અમલદારશ્રીના અભિપ્રાય ઉપરથી સદર મુદદામાલ ગાડી તે ગુનાના કામે આ કામના અરજદારના પુત્ર અજ્યકુમાર ઉર્ફે લાલભાઇ s/o. નટુભાઇ કાંતીલાલ સથવારા નાઓ પાસેથી કબજે કરેલ હોવાની અને અરજદારના પુત્ર અજ્યકુમારે આંક ૪ થી નો કલેઇમ પુરશીશ રજુ કરી આ કામે કબજે કરેલ મુદદામાલ ગાડી અરજદારને સોંપવામાં આવે તો તેઓને કોઇ તકરાર કે વાંધો ન હોવાનું અને ભવિષ્યમાં તેઓ સદર મુદદામાલ

ગાડી બાબતે કોઇ કલેઇમ કરશે નહી તેવું જાહેર કરેલ છે. આ કામે રજુ થયેલ આર.સી. બુક ઉપરથી હાલના અરજદાર સદર મુદદામાલ વાહનના કાયદેસરના માલીક હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે.

૯. આ કામે પોલીસે કબજે કરેલ મુદદામાલ અર્ટીગા ગાડી હાલના અરજદારની માલીકીની હોવાનું સ્પષ્ટ રીતે ફલીત થયેલ છે અને જો સદર મુદદામાલ વાહન લાંબો સમય પોલીસ સ્ટેશનમાં બીનવપરાશી હાલતમાં પડી રહે તો તેની મશીનરી બગડી જવાની તેમ જ તેના ટયુબટાયર, એન્જીન, બેટરી તથા અન્ય સ્પેરપાર્ટસ ને પણ નુકસાન થવાની પુરતી સંભાવના રહેલ છે. આ સંદર્ભે અત્રેની અદાલત નામદાર સુપ્રીમ કોર્ટના *સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિ. સ્ટેટ આફ ગુજરાત*, ૨૦૦૩ (૧) જી.એલ.એચ. ૩૦૭ ના ચુકાદા ઉપર આધાર રાખે છે. જે કેસના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે જપ્ત કરાયેલ વાહન લાંબા સમય સુધી પોલીસ સ્ટેશને રાખી મુકવાનો કોઇ અર્થ નથી અને આ કલમ અન્વયેની સત્તા બનતી ઝડપથી વાપરીને મિલકતના માલીકને જરુરી સમયે કોર્ટમાં હાજર રાખવાની શરતે મુદામાલ વાહનનો કબજો સોંપી આપવો જોઇએ અને તે સંજોગોમાં મેજીસ્ટ્રેટે યોગ્ય રકમના બોન્ડ તથા જામીનગીરી રજુ કરવાની શરતે તરત જ યોગ્ય હુકમ કરવો જોઇએ. સદર કામે કબજે કરેલ મુદદામાલ વાહન આર.ટી.ઓ. કચેરીમાં હાલના અરજદાર ના નામે નોંધાયેલ હોવાની હકીકત રજુ થયેલ દસ્તાવેજો ઉપરથી પ્રસ્થાપીત થયેલ છે અને સદર મુદદામાલ વાહન હાલમાં પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે અને હાલના કામે અરજદાર સિવાય અન્ય કોઇ વ્યકિતએ સદર મુદદામાલ અંગે કલેઇમ કરેલ નથી. આ કામે અરજદારના પુત્ર આરોપી અજયકુમારે આંક ૪ થી નો કલેઇમ પુરશીશ રજુ કરી આ કામે કબજે કરેલ મુદદામાલ ગાડી અરજદારને સોંપવામાં આવે તો તેઓને કોઇ તકરાર કે વાંધો ન હોવાનું અને ભવિષ્યમાં તેઓ સદર મુદદામાલ ગાડી બાબતે કોઇ કલેઇમ કરશે નહી તેમ સ્પષ્ટ જણાવેલ છે. આમ, આ કામે કબજે કરેલ મુદદામાલ અર્ટીગા ગાડી આ કામના અરજદારની માલીકીની હોઇ, તમામ હકીકતો અને સંજોગોને તથા નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત ચુકાદાને ધ્યાને લેતા જો અરજદારને હાલના કામે યોગ્ય શરતોને આધિન કબજે કરેલ મુદદામાલ વાહન પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ હોવાનું યોગ્ય અને વ્યાજબી જણાતું હોઇ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# -: હુ ક મ :-

અરજદારની હાલની અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

આથી આ કામના અરજદાર નટુભાઇ કાંતીલાલ સથવારા નાઓને દિયોદર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર. ૧૧૯૯૬૦૦૩૨૬૦૧૧૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(સી), ૬૧(૨) અને ૫૪ મુજબના ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબજે લીધેલ અરજદારની માલીકી કબજા ભોગવટા નું વાહન મારૂતી સુઝુકી ઇન્ડીયા લીમીટેડ કંપનીની **ERTIGA SHVS ZDI** સફેદ કલરની ગાડી જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર **GJ-02-CG-3083** નો છે તથા તેનો ચેસીસ નંબર **MA3FLEB1S00421810** તથા તેનો એન્જીન નંબર **D13A5333899** છે તે મુદ્દામાલ અર્ટીગા ગાડી નીચે જણાવેલ શરતોને આધિન વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

<u>શરતો</u> **:**

**(૧)** અરજદારે મુદ્દામાલ અર્ટીગા ગાડી અંગે રૂપીયા ૫,૦૦,૦૦૦**/-** (અંકે રૂપીયા પાંચ લાખ પુરા) ની રકમના જાતમુચરકા તેમ જ તેટલી જ રકમના એક સધ્ધર જામીન સહીતના બોન્ડ દિયોદર પોલીસ સ્ટેશન ખાતે આપવાના રહેશે.

**(૨)** અરજદારે મુદ્દામાલ અર્ટીગા ગાડી કોર્ટ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે રજુ કરવાનો રહેશે.

**(૩)** અરજદારે મુદ્દામાલ અર્ટીગા ગાડી કેસનો આખરી નિકાલ થતાં સુધી અન્ય કોઇ વ્યકિતને ટ્રાન્સફર, ગીરો, વેચાણ કે બક્ષીસ કરવું કરાવવું નહી.

**(૪)** અરજદારે મુદ્દામાલ અર્ટીગા ગાડી નો કોઇ ગુનાહીત પ્રવૃતીમાં ઉપયોગ કરવો કરાવવો નહી.

**(૫)** અરજદારે મુદ્દામાલ અર્ટીગા ગાડી ની યથાવત સ્થિતિ કેસનો આખરી નિકાલ થતાં સુધી સ્વખર્ચે જાળવી રાખવાની રહેશે.

**(૬)** **તપાસ કરનાર અમલદાર શ્રીએ અરજદારના ખર્ચે સદર મુદદામાલ અર્ટીગા ગાડીના બંને બાજુના ફોટોગ્રાફ રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે જોઇ શકાય તે રીતે પડાવી આ કેસમાં સામેલ રાખવા.**

**વધુમાં આ કામે મુદદામાલ તરીકે કબજે લીધેલ મોબાઇલ ફોન પુરતી હાલની અરજી આથી હાલના તબકકે નામંજુર કરવામાં આવે છે.**

**સદર હુકમની સંબંધીત આર.ટી.ઓ કચેરીને તેમ જ દિયોદર પોલીસ સ્ટેશને યાદી કરવી.**

**આજ રોજ તારીખ. ૨૪ મી માર્ચ, ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ. ૨૪/૦૩/૨૦૨૬**

**( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )**
**એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**દિયોદર, જી. બનાસકાંઠા**
**Judge Code : GJ00572**